પૂર્વછાયો- કહું ભક્ત કાઠિયાવાડના, જીયાં રહ્યા હરિ કરી વાસ ।
આપી સુખ અતિ ઘણાં, પૂરી જનના મનની આશ ॥૧॥
નિષ્કામી નિર્મળ અતિ, અતિ આંટીવાળાં અંગ ।
તન ધન સુખ ટળે, તોય ન ચળે સતસંગ ॥૨॥
એવા ભક્ત અનૂપનાં, લેતાં નામ આવે આનંદ ।
કહું ભક્ત કારિયાણીના, જેને સ્વામી મળ્યા સુખકંદ ॥૩॥

ચોપાઇ- ભક્ત માંચો મોટા હરિજન, વાચકાય છે નિશ્ચળ મન ।
વેલો વસતો રામ ખાચર, ક્ષત્રિ ભોજોભાઇ ઉજાગર ॥૪॥
માતરો ને વળી માણસુર, ભક્ત વિસો હરિને હજુર ।
કણબી વીરદાસ કમો કહીએ, રાઘવ દેવો હરજી લહીએ ॥૫॥

કાનો વીરો બોઘો લખમણ, ગોવો જીવો કુંવરો પંચાણ ।
લાલો ભગવાન ભક્ત સુતાર, લાધો સઈ જેરામ લુવાર ॥૬॥
ઠક્કર રતનો રઘો ભગત, હીરો દલવાડી સુમાર જત ।
ખોડો ગોવો ધનો માધો શ્યામ, ભગવાન પીતાંબર છે નામ ॥૭॥
એહાદિ કહીએ કણબી સુજાણ, ભક્ત રાઠોડ તેજો પરમાણ ।
ધનબા હરિબા શિતબાઈ, મોટા ભક્ત કારિયાણીમાંઈ ॥૮॥
વિપ્ર જીવો વૈશ્ય વેલોભાઈ, દ્વિજ વાલુ ક્ષત્રિ ફઈબાઈ ।
એહાદિ જન ઝમરાળે ગામ, લાઠિદડે ખાચર દાદોનામ ॥૯॥
ક્ષત્રિ ભક્ત કહીએ કાંધોભાઈ, લાઠિદડે વૈશ્ય શામબાઈ ।
રાણો ક્ષત્રિ દેવો સતવારો, ચોથો ભક્ત લુણધારે સારો ॥૧૦॥
નસિતપુરે માંચો ખાચર, માવો કુંભાર રહે રામપર ।
ક્ષત્રિ પુંજો પાણવિ ગામ, ક્ષત્રિ કૃષ્ણ ઠક્કર વશરામ ॥૧૧॥
દ્વિજ ગલાલબા દયારામ, બેન ભાઈ એ પાટણ ગામ ।
શા આણંદ દ્વિજ લખીરામ, રહે ભક્ત રોઈસાળે ગામ ॥૧૨॥
સામયો લખમીચંદ જોડો, ખમિદાણામાં પટેલ ખોડો ।
વિપ્ર વાગજી વીરો વણિક, વશરામ લુવાણો છે એક ॥૧૩॥
સઈ દેવજી નરસઈ નામ, એહાદિ જન બરવાળે ગામ ।
મામૈયો હાથિયો રામ જન, પટગર અમરો પાવન ॥૧૪॥
રાઈબાઈ લાડુ વલુબાઈ, કાઠિ સોમલો કુંડળમાંઈ ।
ખાંભડે પુંજો દેસો રાવળ, ગુંદે વણિક કમો અમળ ॥૧૫॥
જીવો ખાચર ભક્ત અમલ, માતરો ને રાઠોડ ધાધલ ।
સઈ ભગો ગોપાલ સુતાર, ગર લીલાધર પુંજો કુંભાર ॥૧૬॥
કાઠી ઉકો દલો હરિદાસ, ભગો લુવાર પ્રભુને પાસ ।
મોટાં ભક્ત એક મલુબાઈ, કહીએ કાઠી સારંગપુરમાંઈ ॥૧૭॥
સરવૈયે જીવણો ધાધલ, પાટિયે મોનો કણબી અવલ ।
ભગો ડુંગર ભક્ત વણિક, ક્ષત્રિ બાવોજી ભક્ત છે એક ॥૧૮॥
રામજોગિયો જન સુજાણ, આવ્યા પ્રભુ તેડ્યે તજયા પ્રાણ ।

જેઠસુર અલૈયો ખાચર, લાખો ભક્ત એ ઝીંઝાવદર ॥૧૯॥
વીરા બે વેલો કલો સુતાર, ભક્ત અજો પિપલિયા મોઝાર ।
ભક્ત નિંગાળે કાળો રાવળ, ભજે લાધો હરિ નિર્મળ ॥૨૦॥
ગોવો હિરો રૂડો લિંબો લહીએ, જેઠો જીવો ભગો અજો કહીએ ।
આંબો રામજી કણબી જન, ભટ ખીમજી રામ પાવન ॥૨૧॥
રણછોડ લાલો જસો લુવાર, ગોવિંદાદિ રહે માંડવધાર ।
વાવડિયે ખાચર ભાયો ઉગો, કેરાળે નાજો પ્રભુ ને પુગો ॥૨૨॥
ક્ષત્રિ રયો વસતો ડોસાજી, રહે સુખપુર દુઃખ તજી ।
હરિભક્ત વાલજી સુતાર, દેવધરીયે રામજી લુવાર ॥૨૩॥
કાઠી નાથો શેઠ ભાઈચંદ, ભજે નાગલપુરે ગોવિંદ ।
ભક્ત બહુ બોટાદે ભાવિક, જાણે સાર અસાર વિવેક ॥૨૪॥
હરિભક્ત હમીર ખાચર, સોમલો માતરો ઉજાગર ।
દાસો ગોદડ નાથો ધાધલ, ખોડો ભક્ત હરિનો અવલ ॥૨૫॥
હરિભક્ત હાથિયો ને સુથો, જેણે તજ્યો સંસાર સમુથો ।
એહાદિ કહીએ કાઠી ભક્ત, ભજી હરિ થયા મોટા મુક્ત ॥૨૬॥
શેઠ અદો ને ભગો ભાવિક, કૃષ્ણ કેશવ જાણો વણિક ।
ભક્ત હીરો મેઘો મૂળચંદ, નાનચંદાદિ વણિકવૃંદ ॥૨૭॥
દ્વિજ અજો જેઠો શિવો મોનો, સોની ધનો ભગત પ્રભુનો ।
ભક્ત લાધો મૂળો ભાવસાર, અમરશી કંસારો ઉદાર ॥૨૮॥
મસ્તિ આદિ ભક્ત બીજા બહુ, સત્સંગી છે સ્વામીના સહુ ।
રહે બોટાદ ગામમાં વાસે, ભૂલ્યે ન બેસે નાસ્તિક પાસે ॥૨૯॥
શેઠ પીતાંબર રહે અલાઉ, હરિ ભજી લીધો મોટો લાઉ ।
રાજો ભીમો ને વાઘો સુતાર, ખસમાં ભક્ત ભોજો લુવાર ॥૩૦॥
ગામ બગડે જસો ખાચર, બાઈ બગી આદિ ઉજાગર ।
ભક્ત જાળીયે પાંચો કુંભાર, કરી સતસંગ તર્યો સંસાર ॥૩૧॥
સુંદર ભક્ત સુંદરિયાણામાંઈ, ખાચર ડોસો વસતો કેવાઈ ।
શેઠ હેમો વનો હિરો ભક્ત , ભગો ગલો ને મોરાર મુક્ત ॥૩૨॥

કહીએ કપુરાદિ તુલાધાર, ભક્ત એક નાનજી સોનાર ।
ભક્તક્ષત્રિ દાદોજી સબલો, હરિજન મલો મરુસ્થલો ॥૩૩॥
રામદાસ આદિ જન જેહ, વસે સુંદરિયાણામાં તેહ ।
દેવજાતિ મોડ બનુભાઈ, જેને પ્રભુ વાલા ઉરમાંઈ ॥૩૪॥
હરિભક્ત ગણેશ લુવાર, વસે પોલારપુર મોઝાર ।
દ્વિજ ગગો ક્ષત્રિ જીવોભાઈ, હરિજન એ જસકામાંઈ ॥૩૫॥
દ્વિજ દેવો શેઠપુંજોભાઈ, એહાદિ જન અણિયાળીમાંઈ ।
ભક્ત કણબી ઘેલો છે નામ, વસે જન તે વાવડી ગામ ॥૩૬॥
કોળી ભક્ત નાજો એક કાવે, ભજે હરિ રહે બુવાવાવે ।
ક્ષત્રિ ભીમોભાઈ ભોજોભાઈ, દેશળજી રહે વાગડમાંઈ ॥૩૭॥
શા દામો વસરામ કુંભાર, વૈશ્ય રામ મોરશિયા મોઝાર ।
સોની ભક્ત નારાયણજી નામ, ભક્ત કાનજી શા જીવરામ ॥૩૮॥
એહ આદિ રૂડા હરિજન, વસે કંથારિયામાં પાવન ।
રાણપુરે રહે વિપ્ર સંઘજી, કર્યો સતસંગ કુસંગ તજી ॥૩૯॥
સંઘો રણછોડ રવો ને રૂપ, પુંજો લખમણ કણબી અનુપ ।
કોળી હરજી ને ઘેલો ભક્ત, હીરાદાસ વૈરાગી વિરક્ત ॥૪૦॥
દ્વિજ નારાયણજી રામબાઈ, ભક્ત એહ આદિ લોયામાંઈ ।
નકી ભક્ત નાગડકે ગામ, શિરોમણિ ખાચર સુરો નામ ॥૪૧॥
કાળો માણશિયો નાથો ભાઈ, રૂડાં શાંતિબાઈ વલુબાઈ ।
કાઠી ભક્ત ભીમો જેઠો નામ, એહાદિ રહે નાગડકે ગામ ॥૪૨॥
ચોકડિયે સતો રૂડો નાડોદા, જેને શ્રીહરિ સાથે છે મોદા ।
ગામ કોરડે કુંપો ખાચર, હરિભક્ત ભલો ધુનિધર ॥૪૩॥
ભક્ત કણબી શામજી નામ, ભજે હરિ ચોરવીરે ગામ ।
પિપરડીએ ભટ ભાણજી, કરી જીત નારાયણ ભજી ॥૪૪॥
ભક્ત ભીમો માલો હાથસણિયે, નાજો ખાચર મોઢુકે ગણિયે ।
શેઠ શામજી વસે વિછિએ, કલો સઈ કડુકામાં કહીએ ॥૪૫॥
ગોખલાણામાં જીવો લુવાર, પ્રભુ ભજી થયો ભવપાર ।

ભક્ત મોકો ખાચર માણશિયો, શવો લુવાર ખંભાળે રીયો ॥૪૬॥
બાબરામાં દ્વિજ ગંગારામ, ખાચર ઉન્નડ કરિયાણે ગામ ।
ભક્ત શેઠ જુઠો નિલવળે, ભજે જગતપતિ મતિ ન ચળે ॥૪૭॥
હરિજન અરજણ માવજી, આશા અસત ત્રિકમે તજી ।
સારાં હરિજન સોનબાઈ, રાજગર રાયપુરમાંઈ ॥૪૮॥
કોટડે પ્રેમ પુતળીબાઈ, પ્રીત વણિકની પ્રભુમાંઈ ।
કાલાસર રહે પાતોગર એક, કુંદણીમાં વસતો વણિક ॥૪૯॥
ભક્ત હાદો રામો ઉકોગર, કણબી ભક્ત સુરો જસાપર ।
ભક્ત ઠક્કર લખમણ મોનો, પ્રાગો ને વીરો ભક્ત પ્રભુનો ॥૫૦॥
હરિજન અજુ મુલિબાઈ, વસે ગામ પિપલિયામાંઈ ।
દ્વિજ ગંગેવ ઠક્કર રામ, એહાદિ જન નડાળે ગામ ॥૫૧॥
સતાપર વિપર ફુલજી, લીધો લાવ ભગવાન ભજી ।
કણબી ભક્ત છે રામજી નામ, કાજુ જન કમઢિયે ગામ ॥૫૨॥
ક્ષત્રિ મુલુજી ને જગુભાઈ, બાઈઓમાં આછુબા લખુબાઈ ।
શેઠ ડોસો જુઠો હંસરાજ, હરિ ભજી કર્યું નિજકાજ ॥૫૩॥
એહ આદિ બીજાં બહુજન, વસે બંધિયે ભક્ત પાવન ।
મોટા ભક્ત છે માંડવામાંઈ, વૈશ્ય રામજી ને રાધાબાઈ ॥૫૪॥
ઉમરાલિયે રાજો આહીર, હરિજન મન અતિ ધીર ।
ક્ષત્રિ તોંગો હકો હરિજન, શા કમળશી ગોવરધન ॥૫૫॥
ઇંદ્રજી આદિ વણિકભાઈ, એક ભકત છે પ્રેમો મેરાઈ ।
ભીમ વિરમ વસુ ખવાસ, ભજ્યા હરિ તજી જગ આશ ॥૫૬॥
ખોજા અભરામ વશરામ, ભજી નારાયણ કર્યું કામ ।
દ્વિજ એક દેવરામભાઈ, જન આણંદિ લાડકીબાઈ ॥૫૭॥
વણિક એક અગરબાઈ, એહાદિ જન સરધારમાંઈ ।
ભક્ત ચાવડા ભીમ જેસંગ, જેને સાચો લાગ્યો સતસંગ ॥૫૮॥
હરિજન ચારણ અદોભાઈ, એહાદિ ભક્ત ભાડુઈમાંઈ ।
અજો લખો કૃષ્ણ જન કાકો, જેઠો મલાર શવો ભક્ત પાકો ॥૫૯॥

વસતો કાનો દુદો નાડોદા, રહે રામપુરે મનમોદા ।
ચારણ સામત મુળુ કાવે, કોળી તેજો રહે ચિતરાવાવે ॥૬૦॥
કણબી ભક્ત છે ગોવિંદભાઈ, ભજે હરિ સાજડિયાળીમાંઈ ।
ભક્ત ગર ભીમ વશરામ, રુડો રાણો ને રાઘવ નામ ॥૬૧॥
સતસંગી શૂરા શિર વિના, જેણે તગડી જમની સેના ।
માત સુત લઈ ચાલ્યો સંગ, રાણે રાખ્યો ગોલીડામાં રંગ ॥૬૨॥
કાથડ ઓઢો વાલેરો જન, કાઠી ભક્ત વસે ફાડદન ।
કુવાડવે કપુર વણિક, ભક્ત હિરો ને મેઘો છે એક ॥૬૩॥
એહ આદિ છે ભક્ત અપાર, કવિ ક્રોડચે નોય નિરધાર ।
કહિ કહિ થાકે કવિરાય, અથાહનો થાહ કેમ થાય ॥૬૪॥
અગણિત અપાર અલેખે, તે આવે કેમ લખતાં લેખે ।
મોટો પ્રતાપ પ્રભુનો જોઈ, કરે સતસંગ સહુ કોઈ ॥૬૫॥
દેખે અલૌકિકપણું અતિ, વળી જણાય પ્રકટ પ્રાપતિ ।
નહિ મોક્ષપદની ઉધાર, આવે તેડવા અંત્યે મોરાર ॥૬૬॥
બીજા અનેક પરચા થાય, સહુ જન જાણે મનમાંય ।
જીત્યા કામ ક્રોધ લોભ મોહ, ન હોય એક તે દેખો સમોહ ॥૬૭॥
એવું સમજી સતસંગ કરે, સ્વામી સામા સાચા પગ ભરે ।
તજી જુઠા જગતની આશ, થાય પ્રગટ પ્રભુના દાસ ॥૬૮॥
તેનો આવે કેમ ગણ્યે છેક, લખિયે એક ને રહે અનેક ।
મેંતો મનમાં કર્યો વિચાર, ન થાય નામનો નિરધાર ॥૬૯॥

પૂર્વછાયો- ઉત્તરપંથ આકાશનો, કોઈ પામી શકે નહિ પાર ।
અંડજ ઉડી ઉંચાં ચડે, પણ અંબર રહે અપાર ॥૭૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્યનિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે કાઠિયાવાડ પ્રદેશના હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને પંદરમું પ્રકરણમ્ ॥૧૧૫॥